**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. નીચેનાંમાંથી અસંગત વિધાન કયું છે ?**

(A) જંગલની અંદર રહેનારા લોકો પોતાની અનેક જરૂરિયાત માટે જંગલ પર નિર્ભર રહે છે.

(B) ઉદ્યોગપતિઓ કાગળ બનાવવા જંગલની નીપજનો ઉપયોગ કરે છે.

(C) જંગલો વાતાવરણમાં $CO_2$ નું પ્રમાણ વધુ કરે છે.

(D) પર્યાવરણ સંરક્ષણમાં જંગલો અગત્યના છે.

**Ans. (C)**

**2. જંગલ આધારિત ઉદ્યોગો કયા છે ?**

(A) માંસ અને ચામડા (B) કોલસો અને લોખંડ

(C) પેટ્રોલિયમ અને લાકડું (D) લાકડું, લાખ અને કાગળ

**Ans. (D)**

**3. બીડી બનાવવા માટે કઈ વનસ્પતિના પાનનો ઉપયોગ થાય છે ?**

(A) નાગરવેલ (B) ખાખરો (C) પીપળો (D) ટીમરુ

**Ans. (D)**

**4. અમૃતાદેવી બિશ્નોઈને કારણે કયું ગામ ખ્યાતિ પામ્યું ?**

(A) રેની (B) ખેજરલી (C) મિદનાપુર (D) અરાબાડી

**Ans. (B)**

**5. ચીપકો આંદોલન શાના સંરક્ષણ માટેના પ્રકૃતિવિદોનું ઉદાહરણ છે ?**

(A) જંગલ (B) પાણી (C) કોલસો (D) પેટ્રોલિયમ

**Ans. (A)**

**6. અમૃતાદેવી બિશ્નોઈ નેશનલ એવૉર્ડના શેને સંલગ્ન છે ?**

(A) બાળ ભ્રૂણહત્યા રોકવા (B) વન્યજીવોના રક્ષણ

(C) બિનપ્રણાલીગત ઊર્જાસ્રોતોનો વ્યાપ વધારવા (D) સામાજિક વનીકરણ

**Ans. (B)**

**7. ઈ.સ. 1972 માં પશ્ચિમ બંગાળના વનવિભાગના પ્રદેશના દક્ષિણ પશ્ચિમ જિલ્લાઓમાં નાશ થઈ રહેલા કયા વૃક્ષના જંગલોની પુનઃપૂર્તિ કરવાની યોજના અસફળ થઈ હતી ?**

(A) ટીમરુ (B) વાંસી (C) નીલગિરિ (D) સાલ

**Ans. (D)**

**8. જંગલોની જાળવણીની સફળતા માટે કયો ઉપાય વધારે યોગ્ય છે ?**

(A) ઉચ્ચ પોષકસ્તરે રહેલા ઉપભોગીઓનું રક્ષણ કરવું

(B) માત્ર ઉત્પાદકોનું રક્ષણ કરવું

(C) જંગલોની નીપજોનો ઉપયોગ બંધ કરવો.

(D) યોગ્ય વ્યવસ્થાપન દ્વારા બધા અજૈવિક અને જૈવિક સ્રોતોનું રક્ષણ કરવું

**Ans. (D)**

**9. નીચેનામાંથી નવીનીકરણીય સંસાધનો કયા છે ?**

(A) પેટ્રોલ (B) CNG (C) LPG (D) પાણી

**Ans. (D)**

**10. નીચેનામાંથી કયા સંસાધનોનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ ?**

(A) સૌરઊર્જા (B) પેટ્રોલિયમ (C) પાણી (D) બાયૉગૅસ

**Ans. (B)**

**11. થર્મલ પાવર પ્લાન્ટમાં નીચેનામાંથી કયા સંસાધનોનો ઉપયોગ થાય છે ?**

(A) કોલસા (B) કેરોસીન (C) ચારકોલ (D) પેટ્રોલિયમ

**Ans. (A)**

**12. પર્યાવરણ બચાવવા માટે કયો વિકલ્પ પુનઃ ચક્રિયકરણમાં સમાવેશ પામતો નથી ?**

(A) મીણિયાં, કાચ, ધાતુ-કચરાને યોગ્ય રીતે અલગ કરવો.

(B) ઘન કચરાને યોગ્ય તાપમાને ગરમ કરી ગાળણ કરવું.

(C) LPG નો વપરાશ ઘટાડવા સૌરઊર્જાથી ચાલતાં સાધનોનો ઉપયોગ કરવો.

(D) કચરામાંથી નવી ચીજવસ્તુઓ બનાવવી.

**Ans. (C)**

**13. નૈસર્ગિક સ્ત્રોતની સૌથી યોગ્ય સમજૂતી નીચેના પૈકી કયો વિકલ્પ સૂચવે છે ?**

(A) માનવ દ્વારા સર્જિત કરાતા અને માનવ દ્વારા ઉપયોગમાં લેવાતા સ્ત્રોતો

(B) માનવ દ્વારા સર્જિત કરાતા અને બધા સજીવો દ્વારા ઉપયોગમાં લેવાતા સ્ત્રોતો

(C) ફક્ત જંગલમાથી મળતી નીપજો.

(D) કુદરતી રીતે બનતા અને બધા સજીવો માટે ઉપયોગી સ્ત્રોત

**Ans. (D)**

**14. પર્યાવરણ બચાવવા માટેના પાંચ 'R' કયા છે ?**

(A) Recycle, Regenerate, reuse Redistribute, Reform

(B) Reduce, Regenerate, Redistribute, Refuse, Reform

(C) Reduce, Reuse, Redistribute, Refuse, Regether

(D) Reduce Recycle, Reuse, Refuse, Repurpose.

**Ans. (D)**

**15. પુનઃચક્રિયકરણની પ્રક્રિયા કરતાં પુનઃઉપયોગની પદ્ધતિ હંમેશાં ઉત્તમ ગણાય છે, કારણ કે .......... .**

(A) પુનઃઉપયોગની પદ્ધતિમાં ઊર્જાનો ઉપયોગ કરાતો નથી.

(B) પુનઃઉપયોગની પદ્ધતિમાં નવી ચીજવસ્તુઓ ઉત્પન્ન કરાય છે.

(C) પુનઃઉપયોગની પદ્ધતિ કુદરતી સ્ત્રોતનું યોગ્ય વિતરણ કરી શકે.

(D) પુનઃઉપયોગની પદ્ધતિથી વસ્તુ કે સાધનની જાળવણી લાંબો સમય કરાય છે.

**Ans. (A)**

**16. એક વિદ્યાર્થી પોતાનું વાહન લઈને સ્કૂલે જવા નીકળ્યો છે. ચાર રસ્તા પાસે પહોંચે છે ત્યારે સિગ્નલ લાલ લાઈટ બતાવે છે. પોતાની સાઈડ ચાલુ થાય ત્યાં સુધી તે પોતાનું વાહન બંધ રાખે છે. પર્યાવરણ બચાવવા માટે તેણે કયા 'R' નો ઉપયોગ કર્યો ગણાય ?**

(A) Refuse (B) Reduce

(C) Reuse (D) Repurpose(E) Recycle

**Ans. (B)**

**17. સમગ્ર વિશ્વમાં આપણે માત્ર એક જ સ્ત્રોત પૃથ્વીની બહારથી પ્રાપ્ત કરવાનો હોય છે, તે કયો છે ?**

(A) પાણી (B) સૂર્યઊર્જા (C) જંગલો (D) હવા

**Ans. (B)**

**18. નીચેના પૈકી કયો એક સ્ત્રોત નૈસર્ગિક સ્ત્રોત નથી ?**

(A) ભૂમિ (B) પાણી (C) વિદ્યુત (D) હવા

**Ans. (C)**

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[37]**

**19. ગંગા સફાઈ યોજનાની શરૂઆત કઈ સાલમાં થઈ હતી ?**

➠ 1985

**20. માનવના આંતરડામાંથી કયા કયા પ્રકારના જીવાણુ (બેક્ટેરિયા) મળી આવે છે ?**

➠ કોલિફૉર્મ

**21. સાચાં ખોટાં વિધાનો : પ્રકૃતિપ્રેમીઓ વન્યજીવને પ્રકૃતિનું મૂળ સ્વરૂપમાં સંરક્ષણ ઇચ્છે છે.**

➠ સાચું

**22. સાચાં ખોટાં વિધાનો : વૈદિક કાળના અંતમાં ખેતીને મુખ્ય આર્થિક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવી હતી.**

➠ સાચું

**23. સાચાં ખોટાં વિધાનો : ખનનથી પ્રદૂષણ થતું નથી કારણ કે ધાતુના નિષ્કર્ષણ સાથે વધુ માત્રામાં કચરો પણ નીકળે છે.**

➠ ખોટું

**24. ખાલી જગ્યા પૂરો : ઈ.સ. 1983 સુધી અરાબાડીના સાલના વન સમૃદ્ધ થઈ ગયા અને પહેલાં નકામા પડતર કહેવાતાં જંગલની કિંમત ......... કરોડ અંદાજિત ગણવામાં આવી.**

➠ 12.5

**25. ખાલી જગ્યા પૂરો : પશ્ચિમ બંગાળના મીદનાપુરના ......... વિસ્તારમાં સાલના વૃક્ષો સમૃદ્ધ છે.**

➠ 1272 હેક્ટર

**26. ખાલી જગ્યા પૂરો : ચીપકો આંદોલન ગઢવાલના ........ ગામથી શરૂ થઈ.**

➠ રેની

**27. ખાલી જગ્યા પૂરો : ચીપકો આંદોલન .........ના સંરક્ષણ માટેના પ્રકૃતિવિદોનું ઉદાહરણ છે.**

➠ વૃક્ષો

**28. ખાલી જગ્યા પૂરો : જંગલો ..........ના વિશિષ્ટ સ્થળ (hotspot) છે.**

➠ જૈવવિવિધતા

**29. ખાલી જગ્યા પૂરો : ......... નહેરથી રાજસ્થાનના ઘણા મોટા વિસ્તારોમાં હરિયાળી આવી ગઈ છે.**

➠ ઇંદિરા ગાંધી

**30. ખાલી જગ્યા પૂરો : ગંગા નદી પર .......... બંધ આવેલ છે.**

➠ તેહરી

**31. ખાલી જગ્યા પૂરો : નર્મદા નદી પર ......... બંધ આવેલ છે.**

➠ સરદાર સરોવર

**32. ખાલી જગ્યા પૂરો : તાપી બંધ .......... વર્ષમાં બન્યો હતો.**

➠ 970 ના

**33. કોઈ પણ બે બંધોના નામ આપો.**

➠ સરદાર સરોવર અને તેહરી

**34. બંધની વ્યાખ્યા આપો.**

➠ જળાશયની રચના કરવાના હેતુથી નદી ઉપર બાંધવામાં આવેલ અવરોધને બંધ (ડેમ) કહેવામાં આવે છે.

**35. રાજસ્થાનમાં પાણીના સંગ્રહની પારંપારિક પદ્ધતિ કઈ છે ?**

➠ ખાદીન અને ટાંકા

**36. મહારાષ્ટ્રમાં પાણીના સંગ્રહની પારંપારિક પદ્ધતિ કઈ છે ?**

➠ બંધારસ અને તાલ

**37. કેરલમાં પાણીના સંગ્રહની પારંપારિક પદ્ધતિ કઈ છે ?**

➠ સુરંગમ

**38. ખાલી જગ્યા પૂરો : ......... એ ગ્રીનહાઉસ વાયુ છે.**

➠ કાર્બન ડાયૉક્સાઇડ

**39. ખાલી જગ્યા પૂરો : અશ્મિબળતણ ......... છે.**

➠ કોલસો અને પેટ્રોલિયમ

**40. ખાલી જગ્યા પૂરો : ......... સંસાધનનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.**

➠ નૈસર્ગિક

**41. ખાલી જગ્યા પૂરો : અપૂરતી હવાની હાજરીમાં કોલસા કે પેટ્રોલનું દહન થવાથી ......... વાયુ ઉત્પન્ન થાય છે.**

➠ કાર્બન મોનોક્સાઈડ

**42. ખાલી જગ્યા પૂરો : થર્મલ પાવર પ્લાન્ટમાં .......... સંસાધનનો ઉપયોગ થાય છે.**

➠ કોલસા

**43. સાચાં ખોટાં વિધાનો : કોલસો એ પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોત છે.**

➠ ખોટું

**44. સાચાં ખોટાં વિધાનો : અશ્મિભૂત ઈંધણના ઉપયોગથી પ્રદૂષણ થાય છે.**

➠ સાચું

**45. સાચાં ખોટાં વિધાનો : ગ્રીનહાઉસ અસર માટે $O_2$ જવાબદાર છે.**

➠ ખોટું

**46. સાચાં ખોટાં વિધાનો : અશ્મિભૂત ઈંધણ નવીનીકરણીય સંસાધન છે.**

➠ ખોટું

**47. વ્યાખ્યા આપો : કુદરતી સંસાધનો**

➠ કુદરતી સંસાધનો તે એવા સંસાધનો છે જે પર્યાવરણમાં પોતાના મૂળ અને કુદરતી સ્વરૂપે જોવા મળે છે.

**48. કોલસા અને પેટ્રોલિયમના મૂળભૂત ઘટકો જણાવો.**

➠ કાર્બન, હાઈડ્રોજન, નાઈટ્રોજન અને સલ્ફર

**49. કોલસા અને પેટ્રોલિયમ બળે ત્યારે શું ઉત્પન્ન થાય છે ?**

➠ કાર્બન ડાયોક્સાઈડ, પાણી, નાઈટ્રોજનના ઑક્સાઈડ અને સલ્ફરના ઑક્સાઈડ

**50. ખાલી જગ્યા પૂરો : પુનઃચક્રિયકરણની પ્રક્રિયા .........નો ઉપયોગ કરતી હોવાથી પુનઃઉપયોગિતા પદ્ધતિ ઉત્તમ ગણાય.**

➠ ઊર્જા

**51. ખાલી જગ્યા પૂરો : પાણીની ......... સાર્વત્રિક સૂચકની મદદથી સરળતાથી માપી શકાય છે.**

➠ pH

**52. ખાલી જગ્યા પૂરો : ઉપયોગમાં લીધેલી વસ્તુઓની નવી નવી વસ્તુઓનું નિર્માણ કરવાની ક્રિયાને ......... કહે છે.**

➠ પુનઃચક્રીકરણ

**53. ખાલી જગ્યા પૂરો : પાણીના pH નું સ્તર ......... થી .......... હોય તો તે પીવાલાયક ગણાય છે.**

➠ 6.5 થી 8.5

**54. ખાલી જગ્યા પૂરો : બધા જ સજીવોના લાભ માટે .......... સ્રોતોના નિયંત્રિત ઉપયોગને જાળવણી (conservation) કહે છે.**

➠ નૈસર્ગિક

**55. ખાલી જગ્યા પૂરો : .........ને કારણે વિવિધ નૈસર્ગિક સ્રોતોથી માંગ ખૂબ ઝડપથી વધતી જાય છે.**

➠ તીવ્ર ગતિથી વધતી જનસંખ્યા